અહેવાલ સભાગૃહમાં રજૂ થયા
તા.    મી સપ્ટેમ્બર, ૨૦૨૩

# અનુસૂચિત જાતિઓના કલ્યાણ માટેની સમિતિ

## પ્રથમ અહેવાલ

## પંદરમી ગુજરાત વિધાનસભા

## શ્રમ અને રોજગાર વિભાગ

(તેરમી ગુજરાત વિધાનસભાની સમિતિના દશમા અહેવાલમાં કરવામાં આવેલી ભલામણો ઉપર સરકારે લીધેલા પગલાંના પત્રકો ઉપરનો અહેવાલ)

ગુજરાત વિધાનસભાના અધિકાર હેઠળ પ્રકાશિત

ગુજરાત વિધાનસભા સચિવાલય,

વિઠ્ઠલભાઈ પટેલ ભવન, ગાંધીનગર.

સપ્ટેમ્બર, ૨૦૨૩

## અનુસૂચિત જાતિઓના કલ્યાણ માટેની સમિતિ

**(સન ૨૦૨૩–૨૦૨૪)**

### પ્રમુખશ્રી

શ્રી ઈશ્વરભાઈ પરમાર

### સભ્યશ્રીઓ

શ્રીમતી માલતી મહેશ્વરી
શ્રી જીગ્નેશ મેવાણી
શ્રી કરશનભાઇ સોલંકી
શ્રીમતી દર્શના વાઘેલા
શ્રી પરસોત્તમભાઈ પરમાર
શ્રી મેઘજીભાઈ ચાવડા
શ્રી પ્રદ્યુમન વાજા
મહંતશ્રી શંભુનાથ ટુંડિયા
શ્રીમતી મનીષા વકીલ

### ગુજરાત વિધાનસભા સચિવાલય

શ્રી ડી. એમ. પટેલ, સચિવ

શ્રી ડી. એ. ચૌધરી, નાયબ સચિવ

શ્રી જિતેન્દ્ર પ્રજાપતિ, સેકશન અધિકારી

અહેવાલ

પ્રાસ્તાવિક

હું અનુસૂચિત જાતિઓના કલ્યાણ માટેની સમિતિનો પ્રમુખ તેરમી ગુજરાત વિધાનસભાની સમિતિના દશમાં અહેવાલમાં કરવામાં આવેલી ભલામણો ઉપર સરકારે લીધેલાં પગલાંના પત્રકો પરનો પંદરમી ગુજરાત વિધાનસભાની સમિતિનો પ્રથમ અહેવાલ રજૂ કરું છું.

૨. તેરમી ગુજરાત વિધાનસભાની સમિતિના દશમો અહેવાલ તા. ૨૦મી માર્ચ, ૨૦૧૭ના રોજ સભાગૃહમાં રજૂ કરવામાં આવ્યો હતો. ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ–૧૭૮ અન્વયે અહેવાલમાં સમિતિએ કરેલી ભલામણો ઉપર સરકારે લીધેલાં પગલાંની જાણ ગુજરાત વિધાનસભા સચિવાલયને વખતોવખત કરવાની હોય છે. તદનુસાર શ્રમ અને રોજગાર વિભાગે સમિતિના દસમા અહેવાલમાં કરવામાં આવેલી ભલામણો ઉપર સરકારે લીધેલાં પગલાંના પત્રકો તા.૧૩–૦૯–૨૦૨૧ના રોજ ગુજરાત વિધાનસભા સચિવાલયને મોકલી આપ્યા હતા. સમિતિએ તા.૧૧–૦૭–૨૦૨૩ના રોજ મળેલી બેઠકમાં પગલાંના પત્રકો સંબંધમાં શ્રમ અને રોજગાર વિભાગની તપાસ હાથ ધરી હતી.

૩. સમિતિના દશમાં અહેવાલમાં કુલ–૩ ભલામણો કરવામાં આવી હતી. સમિતિને મોકલવામાં આવેલા પગલાંના પત્રકોમાં જણાવ્યા મુજબ સમિતિએ અહેવાલમાં ફકરા ક્રમાંક : ૫ અને ફકરા ક્રમાંક : ૧૧માં કરેલી કુલ–૨ ભલામણનો સરકારે સ્વીકાર કર્યો છે.( જુઓ પરિશિષ્ટ–૧) જ્યારે ફકરા ક્રમાંક : ૮ની ભલામણનો સરકારે અસ્વીકાર કર્યો છે.(જુઓ પરિશિષ્ટ–૨)

૪. ફકરા ક્રમાંક : ૫માં રાજયમાં ચાલતાં આઈ. ટી. આઈ. ના તાલીમ વર્ગો માટે સરકાર તરફથી બહોળો પ્રચાર થવો જોઈએ અને જ્યાં જ્યાં આઈ.ટી.આઈ.ના વર્ગો ચાલતા હોય ત્યાં બોર્ડ મૂકવા જોઈએ અને આજુબાજુના વિસ્તારમાં નાની પત્રિકા છપાવીને વહેચવી જોઈએ જેથી વિદ્યાથીઓને અને બીજા લોકોને પણ આ અંગે જાણકારી મળી શકે તે બાબતમાં જરૂરી કાર્યવાહી કરવા સમિતિએ ભલામણ કરી હતી.

સરકારે આ ભલામણનો લેખિતમાં સ્વીકાર કર્યો હતો અને તે સંબંધમાં વિભાગના પ્રતિનિધિએ જણાવ્યુ હતું કે, આઈ.ટી.આઈ પ્રસાર-પ્રચાર માટે દર વર્ષે જ્યારે એડમિશન થાય છે ત્યારે અખબાર, દુરદર્શન, જીગલ્સ મારફતે તેઓ બધાને જાણ કરે છે. તેમજ આઈ.ટી.આઈ.ના એડમિશન આઈ.ટી.આઈ.ના પોર્ટલ ઉપર થાય છે જે સીંગલ પોર્ટલ છે અને આ એડમિશનમાં અનુસૂચિત જાતિની ટકાવારી જળવાતી હોવાનું તેમજ સરકારી એપ્રેન્ટીસશીપ અને પ્લેસમેન્ટમાં પણ ટકાવારી જાળવી હોવાનું તેમજ મોટાભાગની એપ્રેન્ટીસશીપ પ્રાઈવેટ સંસ્થાઓમાં થતી હોવાથી પ્રાઈવેટ સંસ્થાઓમાં રીઝર્વેશનના પ્રમાણ જાળવવા માટે પોલીસી ડીસીશન ભારત સરકાર દ્વારા લેવાયેલ ન હોવાથી સરકારે પ્રાઈવેટ સંસ્થામાં રિઝર્વેશનનું પ્રમાણ જળવાય તેવી સૂચના આપી શકે નહી પરંતુ પ્રાઈવેટ

સંસ્થાઓ વધારેમાં વધારે અનુસૂચિત જાતિના  લોકોને એકોમોડેટ કરી શકાય તેવા તેમના પ્રયત્નો હોય છે.

૫. ફકરા ક્રમાંક : ૧૧માં અનુસૂચિત જાતિના લોકોને ગંભીર બિમારીના પ્રસંગે વધુમાં વધુ સહાયભૂત થઇ શકાય તે માટે વિભાગના પ્રતિનિધિના જણાવ્યા મુજબ 'મા અમૃતમ યોજના” તથા વિભાગની "શ્રમિક સહાય યોજના” અને યુ–વીન યોજના એમ ત્રણેય યોજનાને લીંક અપ કરવા સમિતિએ ભલામણ કરી હતી.

સમિતિએ કરેલ ભલામણ સંબંધમાં વિભાગના પ્રતિનિધિઓએ જણાવેલ કે, ઉકત યોજના ભૂતકાળમાં ચાલતી હતી એ બંધ કરી છે અને હાલમાં ગુજરાત રૂરલ કર્મયોગી બોર્ડમાં એક જ યોજના છે. ગુજરાત સામૂહિક જૂથ અકસ્માત વીમા યોજના અને બાકીની યોજનાઓ બીજા વિભાગોમાં ચાલે છે અને હાલમાં જેટલા પણ બાંધકામ મજૂરો છે એમને આ વર્ષથી પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના અને મા-અમૃતમ યોજનાના લાભો આપવાનું નક્કી કર્યું છે આવા દોઢથી બે લાખ લાભાર્થીઓ છે જેમનો મા-અમૃતમ યોજનામાં સીધો સમાવેશ કરી રહ્યા છીએ અને યુ-વીન યોજના રિપ્લેશ કરીને ઈ-શ્રમ યોજના કરવામાં આવી છે. આ અન્વયે લાભાર્થીને ઈ-શ્રમનું કાર્ડ આપવામાં આવે છે જેમાં ૨ લાખ રૂપિયાનો વીમો આપવામાં આવે છે અને આ વખતે શ્રમયોગીઓ માટે મેડિકલ કેમ્પની યોજના જાહેર કરી છે. સમિતિએ જે ભલામણ કરેલ હતી કે મા-અમૃતમ યોજના અને શ્રમ સહાય યોજના અને યુ-પી. ને સંકલિત કરવા માટે વિભાગે પૂરેપૂરા પ્રયાસ કરીને લાભાર્થીઓને લાભ મળે અને ઈ-શ્રમ યોજના અન્વયે ભારત સરકાર દ્વારા જે યોજના જાહેર કરવામાં આવી છે એનું આની સાથી લીન્ક-અપ કરવામાં આવ્યું હોવાનું સમિતિને જણાવ્યું હતુ.

૬. ફકરા ક્રમાંક : ૮માં જુદી જુદી યોજનાઓ માટે વિભાગના બજેટમાં જે ગ્રાન્ટ ફાળવવામાં આવી છે તે રકમ ફકત અનુસૂચિત જાતિની યોજનાઓ પાછળ જ વાપરવામાં આવે તે સુનિશ્ચિત કરવું જોઇએ. તેમજ કોઇ જનરલ યોજના બનાવી હોય અને તેમાં અનુસૂચિત જાતિના લાભાર્થીઓ પણ લાભાન્વિત થતા હોય તો તે માટેનો બધો ખર્ચ અનુસૂચિત જાતિની ગ્રાન્ટમાંથી ન કરતાં જનરલ બજેટમાંથી કરવા અને અનુસૂચિત જાતિ માટે જે ગ્રાન્ટ વાપરવામાં આવે છે તે અલગથી જ બતાવવા માટેની સમિતિએ ભલામણ કરી હતી.

સમિતિએ અહેવાલમાં કરેલ ઉકત ભલામણનો સરકારે અસ્વીકાર કર્યો હતો અને લેખિતમાં તેમજ સમિતિની ઉકત બેઠકમાં ચર્ચા દરમ્યાન વિભાગના પ્રતિનિધિએ જણાવ્યું હતું કે, અનુસૂચિત જાતિની કોઈ પણ યોજનામાંથી જનરલને લાભ અપાતો નથી પણ જનરલ યોજનામાં અનુસૂચિત જાતિના લોકોને લાભ અપાય છે પરંતું જનરલ યોજનામાંથી અનુસૂચિત જાતિના લોકોને જે લાભ અપાય છે તે ગ્રાન્ટનું વિભાજન કરવું શક્ય નથી.

૭.	આમ વિભાગે સમિતિની કુલ–૩ ભલામણો પૈકી આગળ જણાવ્યું છે તે મુજબ એક  ભલામણ સિવાયની સમિતિએ કરેલ ૨ ભલામણોનો સ્વીકાર કર્યો છે એટલે તેમાં કાંઇ કહેવાનું રહેતુ નથી અને સરકારે અસ્વીકારેલ એક ભલામણ સંબંધમાં વિભાગના જવાબથી સમિતિએ સંતોષ વ્યકત કર્યો હતો.

૮.	સમિતિએ તેની તા.  –૦૯–૨૦૨૩ના રોજ મળેલ બેઠકમાં તેરમી ગુજરાત વિધાનસભાની સમિતિએ દશમાં અહેવાલમાં કરેલ ભલામણો સંબંધમાં કરેલ તપાસને લગતા સમિતિના પ્રથમ અહેવાલના મુસદ્દા પર ચર્ચા–વિચારણા કરી હતી અને અહેવાલના મુસદ્દાને મંજૂર કર્યો હતો.

૯.	શ્રમ અને રોજગાર વિભાગના અધિક મુખ્ય સચિવશ્રી,  ગુજરાત ગ્રામ શ્રમયોગી કલ્યાણ બોર્ડના સભ્ય સચિવશ્રી તેમજ વિભાગના પ્રતિનિધિઓએ  પગલાંના પત્રકો પર સમિતિની રૂબરૂ તપાસ દમિયાન સમિતિ સમક્ષ ઉપસ્થિત ભલામણો સંબંધમાં સમિતિ સાથે વિગતવાર ચર્ચા કરી હતી જેનાથી સમિતિને સંતોષ થયો હતો. સમિતિ સમક્ષ સમયસર ઉપસ્થિત રહીને માહિતી પૂરી પાડવા તેમજ  સમિતિને આપેલ સહકાર બદલ સમિતિ તેઓનો આભાર માને છે.

૧૦.	ગુજરાત વિધાનસભા સચિવાલયના અધિકારીઓ/કર્મચારીઓએ સમિતિના કામકાજમાં આપેલ સહકારની પણ સમિતિ નોંધ લે છે.

ઇશ્વરભાઇ પરમાર

ગાંધીનગર	પ્રમુખ

તા.  –૦૯–૨૦૨૩	અનુસૂચિત જાતિઓના કલ્યાણ માટેની સમિતિ

**પરિશિષ્ટ–૧**

**ભાગ–૨**

**સરકારે સ્વીકારેલી ભલામણો**

**ભલામણ : ( ફકરા ક્રમાંક : ૫)**

સમિતિને લાગે છે કે, આવા તાલીમ વર્ગો માટે સરકાર તરફથી બહોળો પ્રચાર થવો જોઈએ અને જ્યાં જ્યાં આઈ.ટી.આઈ.ના વર્ગો ચાલતા હોય ત્યાં બોર્ડ મૂકવા જોઈએ અને આજુબાજુના વિસ્તારમાં નાની પત્રિકા છપાવીને વહેચવી જોઈએ જેથી વિદ્યાર્થીઓને અને બીજા લોકોને ને પણ આ અંગે જાણકારી મળે. આ બાબતમાં જરૂરી કાર્યવાહી કરવા સમિતિ ભલામણ કરે છે.

**સરકારનો જવાબ**

ઉપરોક્ત વિષય પરત્વે સવિનય જણાવવાનું કે, આઈ.ટી.આઈ.માં ચાલતા તાલીમ વર્ગો માટે બહોળો પ્રચાર થવા માટે થયેલ કાર્યવાહીની વિગતો નીચે મુજબ છે.

પ્રવેશ માટે પ્રચાર–પ્રસારના માધ્યમો

૧. રાજયમાં બહોળી પ્રસિધ્ધિ ધરાવતા ગુજરાતી અખબારોમાં તમામ આવૃતિમાં સેન્ટ્રલાઈઝડ મુખ્ય પ્રવેશ જાહેરાત માહીતી ખાતા મારફતે પ્રસિધ્ધ કરાવવામાં આવે છે.

૨. પ્રસાર ભારતી દૂરદર્શન કેન્દ્ર, અમદાવાદ પરથી TV SCROLL પ્રસારિત કરવામાં આવે છે.

૩. પ્રસાર ભારતી દૂરદર્શન કેન્દ્ર, અમદાવાદ પરથી હેલ્લો કારકિર્દી પ્રોગ્રામ પ્રસારિત કરવામાં આવે છે.

૪. ઓલ ઈન્ડીયા રેડિયો, અમદાવાદ પરથી Radio Spot પ્રસારિત કરવામાં આવે છે.

કન્સ્ટ્રક્શન ક્ષેત્રની તાલીમ લેવા માગતાં ઉમેદવારોને જાણકારી મળી રહે તે હેતુસર દર વર્ષે પ્રસિધ્ધ થતી આઇ.ટી.આઇ.ની પ્રવેશ પુસ્તિકામાં આ અંગેની વિગતો આપવામાં આવે છે તેમજ સ્થાનિક વર્તમાનપત્રોમાં જાહેરાત આપીને બહોળો પ્રચાર કરવામાં આવે છે. જેથી કન્સ્ટ્રક્શન ક્ષેત્રની તાલીમ લેવા ઇચ્છતા ઉમેદવારો પ્રવેશ મેળવી શકે.

૪૨૫૦ – સિવિલ કામો

અનુસુચિત જાતિ માટે સન ૨૦૧૪–૧૫ અને સન ૨૦૧૫–૧૬ માં સિવિલ કામો માટે થયેલ જોગવાઈ અને ખર્ચની વિગત નીચે મુજબ છે.

| વર્ષ | મુખ્ય સદર | થયેલ જોગવાઇ (રૂ. લાખમાં) | થયેલ ખર્ચ (રૂ. લાખમાં) | R.E. (રૂ. લાખમાં) |
|---|---|---|---|---|
| ૨૦૧૪–૧૫ | ૪૨૫૦– સામાજીક સેવાઓ અંગે મુડી ખર્ચ જોગવાઇ | 1897.95 | 1004.84 | –– |
| ૨૦૧૫–૧૬ | ૪૨૫૦– સામાજીક સેવાઓ અંગે મુડી ખર્ચ જોગવાઇ | 2002.70 | 172.50 | 203.12 |

૪૨૫૦–સામાજિક સેવાઓ અંગે મૂડી ખર્ચ જોગવાઈ અન્વયે સન ૨૦૧૪–૧૫ અને સન ૨૦૧૫– ૧૬ માં સમાવેશ થયેલ સિવિલ કામો પૂર્ણ થયેલ છે.

## DIRECTORATE OF EMPLOYMENT & TRAINING, GANDHINAGAR.

જોગવાઇ/ગ્રાન્ટ અને તેની સામે થયેલ ખર્ચની માહિતી

MAJOR HEAD: 2230 LABOUR & EMPLOYMENT YEAR: 2014-15

DEMAND NO. 95: SCSP

| SR. | SUB HEADS | Budget Provision | Revised Estimates sanction | Grant Received | EXPENDITURE | % age against budget | % age against grant |
|---|---|---|---|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 |
| 1 | EMP-6GE.D. & ES [SCSP] | 57.00 | 12.84 | 9.25 | 9.25 | 16.23 | 100.00 |
| 2 | EMP-1 CTS [SCSP] | 1593.83 | 1263.67 | 1263.29 | 1263.29 | 79.26 | 100.00 |
| 3 | EMP-1 Modular Employable Skill Development Initiative (CSS) (M.E.S.) | 0.00 | 75.00 | 75.00 | 75.00 | 0.00 | 100.00 |
| 4 | 4250-M.E. (મશીનરી ઇકવીપમેન્ટ) | 1165.00 | 1135.00 | 1110.70 | 1110.70 | 95.34 | 100.00 |
| 5 | CAPITAL [SCSP] (બાંધકામ) | 1897.95 | 1897.95 | 1004.84 | 1004.84 | 52.94 | 100.00 |
| TOTAL: 95-Plan | | 4713.78 | 4384.46 | 3463.08 | 3463.08 | 73.47 | 100.00 |

scsp mittengb 04-10-16 (scp doket)

DIRECTORATE OF EMPLOYMENT & TRAINING, GANDHINAGAR.

SCHEDULE CASTE SUB PLAN

જોગવાઇ/ગ્રાન્ટ અને તેની સામે થયેલ ખર્ચની માહિતી

MAJOR HEAD: 2230 LABOUR & EMPLOYMENT YEAR: 2015-16

DEMAND NO. 95: SCSP

| SR. | SUB HEADS | Budget Provision | Revised Estimates sanction | Grant Received | EXPENDITURE | % age against budget | % age against grant |
|---|---|---|---|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 |
| 1 | EMP-6 E.S. & ES. | 2.72 | 1.20 | 2.26 | 0.00 | 0.00 | 0.00 |
| 2 | EMP-1 C.T.S. | 1683.08 | 1418.00 | 1418.00 | 1364.54 | 81.07 | 96.23 |
| 3 | EMP 1 Modular Employable Skill Devlopment Initiative (CSS) (M.E.S.) | 196.00 | 0.00 | 0.00 | 0.00 | 0.00 | 0.00 |
| 4 | 4250-M.E. | 1287.20 | 1287.20 | 1072.24 | 661.26 | 51.37 | 61.67 |
| 5 | CAPITAL | 2002.70 | 203.12 | 172.52 | 172.52 | 8.61 | 0.00 |
| TOTAL: 95 | | 5171.70 | 2909.52 | 2665.02 | 2198.32 | 42.51 | 82.49 |

Scsp Mittengb 25-01-15 (scp doket)

**ભલામણ : (ફકરા ક્રમાંકઃ ૧૧)**

અનુસૂચિત જાતિના લોકોને ગંભીર બિમારીના પ્રસંગે વધુમાં વધુ સહાયભૂત થઇ શકાય તે માટે વિભાગના પ્રતિનિધિના જણાવ્યા મુજબ 'મા અમૃતમ યોજના” તથા વિભાગની "શ્રમિક સહાય યોજના” અને યુ–વીન યોજના એમ ત્રણેય યોજનાને લીંક અપ કરવા સમિતિ આથી ભલામણ કરે છે.

**સરકારનો જવાબ**

યુ–વીન કાર્ડધારકોને મા અમૃતમ યોજનાનો લાભ આપવામાં આવે છે. ગુજરાત ગામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ, ગાંધીનગર દ્બારા ગુજરાત સામુહિક જુથ (જનતા) અકસ્માત વીમા યોજના" (શ્રમિક) રાજ્યના ગ્રામિણ તથા શહેરી અસંગઠિત શ્રમયોગીઓના અકસ્માત મૃત્યુ કાયમી અપંગતાના કિસ્સામાં રૂ.૧,૦૦,૦૦૦/– સહાય આપવાની યોજના અમલમાં છે. નાણાં વિભાગના તા.૧/૪/૧૩ના ઠરાવ અન્વયે સદર યોજના હેઠળની દાવા અરજીઓ GSJJAVY પોર્ટલ દ્બારા ઓનલાઇન વીમા નિયામકની કચેરી, ગાંધીનગરને રજુ કરવામાં આવે છે. વીમા નિયામકની કચેરી દ્બારા અરજદારને સીધી બેંક ખાતામાં ચુકવણી કરવામાં આવે છે. આ યોજના તમામ જાતિના સમુદાય માટે છે. આથી આ યોજના શ્રમિકના મૃત્યુ બાદ ચૂકવવાની થતી હોય, આ યોજનાને લીકઅપ કરી શકાય નહીં.

જુદા જુદા ખાતા જેવા કે, નિયામકશ્રી, અનુસુચિત જાતિ કલ્યાણની કચેરી, કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસની કચેરી તથા નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણની કચેરી હેઠળ ગંભીર અને અસાધ્ય રોગોમાં તબીબી સારવારની સહાય અંગેની યોજના અમલમાં છે. તેમાં નિયત થયેલ જાતિના દર્દીઓનો સમાવેશ થાય છે. આથી અનુસૂચિત જાતિ તથા અનુસૂચિત જનજાતિ હેઠળ સમાવિષ્ટ ખેત મજૂર અને ગ્રામ્ય શ્રમયોગીઓનો પણ આમાં સમાવેશ થઇ જાય છે, અને ઉકત કચેરીઓ દ્બારા દર્દીને અસાધ્ય અને ગંભીર રોગમાં રોગ વાઇઝ નિયત ધોરણ મુજબ દર્દ મટે નહીં ત્યાં સુધી દર માસે તબીબી સહાય ચુકવવામાં આવે છે. જયારે

ગુજરાત ગ્રામ શ્રમયોગી કલ્યાણ બોર્ડ હસ્તકની તબીબી સારવાર સહાયની યોજના હેઠળ માત્ર એક જ વખત મર્યાદિત રકમ (રૂ.૩–૦૦ લાખ સુધી) સહાય આપવામાં આવે છે. તેમજ મા અમૃત્તમ અને મા કાર્ડ યોજના હેઠળ દર્દીઓને સરળતાથી લાભ મળે છે. જેથી અત્રેની ખેતમજુર અને ગ્રામ્ય શ્રમયોગીઓને તથા આશ્રિત કુટુંબીજનોને ગંભીર અને અસાધ્ય રોગોની બીમારીમાં તબીબી સારવાર ખર્ચ માટે સહાય યોજના હેઠળ લાભાર્થીઓ મળતા નથી. આથી, તબીબી સહાય યોજના બંધ કરવા બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હોઈ લીંકઅપ કરવાનો પ્રશ્ન રહેતો નથી.

## પરિશિષ્ટ–૨

### ભાગ–૩

### સરકારે અસ્વીકાર કર્યો હોય તેવી ભલામણો

### ભલામણ : ( ફકરા ક્રમાંક : ૮ )

સમિતિને લાગે છે કે જુદી જુદી યોજનાઓ માટે વિભાગના બજેટમાં જે ગ્રાન્ટ ફાળવવામાં આવી છે તે રકમ ફકત અનુસૂચિત જાતિની યોજનાઓ પાછળ જ વાપરવામાં આવે તે સુનિશ્ચિત કરવું જોઇએ. કોઇ જનરલ યોજના બનાવી હોય અને તેમાં એસ.સી.ના લાભાર્થીઓ પણ લાભાન્વિત થતા હોય તો તે માટેનો બધો ખર્ચ એસ સી ની ગ્રાન્ટમાંથી ન કરતાં જનરલ બજેટમાંથી થવો જોઇએ અને તેમાં એસ.સી. માટેનો જે ખર્ચ થયો હોય તે અલગથી બતાવવો જોઇએ. આમ અનુસૂચિત જાતિ માટે જે ગ્રાન્ટ વાપરવામાં આવે છે તે અલગથી જ બતાવવી જોઇએ એવી સમિતી ભલામણ કરે છે.

### સરકારનો જવાબ

અનુસૂચિત જાતિ માટેની જે જુદી જુદી યોજનાઓ અમલમાં છે અને તે માટે વિભાગના બજેટમાંથી જે ગ્રાન્ટ ફાળવવામાં આવે છે તે રકમનો ખર્ચ અન્ય યોજનાઓમાં કરવામાં આવતો નથી પરંતુ અનુસૂચિત જાતિની જે યોજનાઓ અમલમાં છે તેમાં જ ખર્ચ કરવામાં આવે છે. તેમજ જે જનરલ યોજનામાં એસ.સી.ના લાભાર્થીઓ પણ લાભાન્વિત છે તે માટેનો બધો જ ખર્ચ અનુસૂચિત જાતિની યોજના હેઠળની ગ્રાન્ટમાંથી નહિ પરંતુ આ અંગેનો બધો જ ખર્ચ જનરલ યોજનાના બજેટમાંથી જ કરવામાં આવે છે. પરંતુ જનરલ બજેટમાંથી એસ.સી. તાલીમાર્થીઓ હેઠળ કરવામાં આવેલ ખર્ચને અલગથી તારવી શકાય તેમ નથી.